૪

**ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળામાં આવતા બ્રેઇન ફિંગર પ્રિન્ટીગ અને નારકો પરીક્ષણ ફીમાં વધારો કરવા બાબત.**

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃફસલ/૧૦૨૦૦૩/મંત્રી–૫/અ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ 8 OCT 2009

**વંચાણે લીધાઃ–** ૧. ગૃહ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૮/૧૧/૨૦૦૬નો ઠરાવ.
૨. ગૃહ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૫/૫/૨૦૦૮નો ઠરાવ.

**ઠરાવઃ–**

આમુખમાં વંચાણે લેવામાં આવેલ ગૃહ વિભાગના ઠરાવથી ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળામાં પૃથ્થકરણ / ચકાસણી માટે આવતા ખાનગી સંસ્થાઓ, અન્ય બહારની વ્યકિતઓ, તમામ સરકારી અર્ધસરકારી વિભાગો, બહારના રાજયો તથા કેન્દ્ર સરકારની સંસ્થાઓ તરફથી આવતા કેસો માટે ફીનું ધોરણ નિયત કરવામાં આવેલ છે. નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી, ગાંધીનગર ધ્વારા નાર્કો એનાલીસીસ અને બ્રેઈન ફીગર પ્રિન્ટીગની ફીના દરોમાં ફેરફાર વગેરે માટે રજુઆત કરવામાં આવેલ છે.

૨. વિચારણાના અંતે ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળામાં આવતા ઉપર નિર્દિષ્ટ કેસો / પરીક્ષણના કેસોમાં ફીનું ધોરણ સંકલિત રુપે આખરી કરીને નીચે પ્રમાણે રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

| અ.નં. | નમુનાનો પ્રકાર | સુધારેલ પરીક્ષણ ફીનો દર. |
|---|---|---|
| ૧ | ટોકસીકોલોજીકલ પરીક્ષણો | નમુના દીઠ રુ.૩૫૦૦/– |
| ૨ | સીરોલોજીકલ / બાયોલોજીકલ પરીક્ષણો | નમુના દીઠ રુ.૩૫૦૦/– |
| ૩ | બેલેસ્ટીક પરીક્ષણો | નમુના દીઠ રુ.૩૫૦૦/– |
| ૪ | બ્લડ આલ્કોહોલ પરીક્ષણો | નમુના દીઠ રુ.૩૫૦૦/– |
| ૫ | ફીઝીકલ અને કેમીકલ એનાલીસીસ | નમુના દીઠ રુ.૩૫૦૦/– |
| ૬ | ડી.એન.એ. પરીક્ષણો | નમુના દીઠ રુ.૫૦૦૦/– |
| ૭ | સાયબર ક્રાઈમ | નમુના દીઠ રુ.૫૦૦૦/– |
| ૮ | વોઈસ આઈડેન્ટીફીકેશન | નમુના દીઠ રુ.૩૫૦૦/– |
| ૯ | **ફોરેન્સીક સાયકોલોજી** | |
| | ૧..બ્રેઈન ફીગર પ્રિન્ટીગ | વ્યક્તિ દીઠ રૂ. ૩૦,૦૦૦/– |
| | ૨. નારકો એનાલીસીસ | વ્યક્તિ દીઠ રૂ. ૩૦,૦૦૦/– |
| | ૩. પોલીગ્રાફ | વ્યક્તિ દીઠ રૂ. ૫,૦૦૦/– |
| | ૪. હિપ્નોસીસ | વ્યક્તિ દીઠ રૂ. ૫,૦૦૦/– |
| | ૫. સાયકોલોજીકલ પ્રોફાઈલીગ | વ્યક્તિ દીઠ રૂ. ૫,૦૦૦/– |
| ૧૦ | ખાનગી કંપનીઓના વીજીલન્સ ઓફીસર/ સીકયોરીટી ઓફીસર/ બેંક ઓફીસર વિગેરે માટે તાલીમ ફી | તાલીમાર્થી દીઠ રુ. ૧૦,૦૦૦/– |
| ૧૧ | ગૃહ વિભાગ હસ્તક સિવાયના તમામ સરકારી/ અર્ધસરકારી વિભાગો/ કચેરીઓ માટે સ્થળ મુલાકાત લઈ તાંત્રિક અભિપ્રાય આપવાના કિસ્સાઓ માટે મુલાકાત દીઠ | રુ. ૫૦૦૦ |
| ૧૨ | સ્ટુડન્ટના ડેઝર્ટેશન માટે એટેચમેન્ટ | પ્રતિ વિદ્યાર્થી દીઠ રુ. ૧૦૦૦ |
| ૧૩ | ફોરેન્સીક ફોટોગ્રાફીના પરીક્ષણ માટે ફી | નમુના દીઠ રુ. ૩૫૦૦/– |

૩. ઉપરોક્ત પરીક્ષણ ફીના દરમાં નિયમ મુજબ સર્વીસ ટેક્ષ અલગ રીતે લેવાનો રહેશે. "સરકાર પક્ષકાર ન હોય તેવા ખાનગી વ્યકિતઓ કે આરોપીઓ ધ્વારા આવતા કેસોની તપાસ" ના કિસ્સામાં રૂ.૫૦,૦૦૦/- ફી તથા ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરીના અધિકારીઓને નામદાર અદાલતમાં સાક્ષી તરીકે બોલાવવામાં આવે ત્યારે કલાક દીઠ રૂ.૧૦૦૦/-નો ચાર્જ આવી વ્યક્તિએ ચૂકવવાનો રહેશે.

૪. અન્ય રાજયો તથા કેન્દ્ર સરકારની તપાસ હેઠળના કેસોમાં તપાસ એજન્સીની માંગણી મુજબ તાત્કાલિક ધોરણે કેસને અગ્રીમતા આપવાના થતા હોય તેવા નારકો એનાલીસીસ તથા બ્રેઈન ફિંગર પ્રીન્ટીગને લગતા કેસોમાં પ્રતિ પરીક્ષણ દીઠ રૂા. ૫૦,૦૦૦ ફી લઇને અગ્રીમતા આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

૫. ફોરેન્સીક સાયકોલોજી વિભાગના અધિકારીઓ ધ્વારા તપાસવામાં આવેલ કેસોમાં જે તે રાજયની નામદાર અદાલતોમાં સાહેદી આપવા જવાનું થાય તેવા સંજોગોમાં ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરીના અધિકારીને આવવા જવાનું હવાઈ/ રેલ્વે મુસાફરીનું ભાડુ જે તે એજન્સી ધ્વારા ચૂકવવાનું રહેશે તથા નામદાર અદાલતમાં સાહેદી આપવા જવાના પ્રસંગે જે તે અધિકારીને કલાક દીઠ રૂા.૧૦૦૦/– નો ચાર્જ પણ તપાસ એજન્સી ધ્વારા ચૂકવવાનો રહેશે. આ પેટે જે તે અધિકારીને મળતી રકમના ૫૦ ટકા રકમ અધિકારીએ સરકારી તિજોરીમાં જમા કરાવવાના રહેશે.

૬. આ અંગેની થનાર આવક અંદાજપત્રના સદર ક્રમાંકઃ "૦૫૫–પોલીસ–૮૦૦–બીજી આવક (૦૪) પરચૂરણ" ખાતે જમા કરાવવાની રહેશે. આ હુકમો તા.૧૬/૭/૨૦૦૯ થી અમલમાં આવે તે રીતે આથી ઠરાવવામાં આવે છે.

૭. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર અગ્ર સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગની તા.૧૮/૮/૦૯ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.એચ.ત્રિવેદી)
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ.

પ્રતિ,

- નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નાયબ નિયામક, ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, અમદાવાદ.
- નાયબ નિયામક, પ્રાદેશિક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, જુનાગઢ/સુરત/વડોદરા.
- એ.જી.ગુજરાત, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ/ જુનાગઢ/સુરત/વડોદરા.
- આઇટી સેલ, ગૃહ વિભાગ. વિભાગની વેબ સાઇટ ઉપર મુકવાની વિનંતી સહ.
- નાણાકીય સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, આર-શાખા, ગૃહ વિભાગ.
- માહિતી નિયામકશ્રી, ગાંધીનગર ( આ અંગેની પ્રસિધ્ધી વર્તમાનપત્રોમાં આપવાની વિનંતી સહ)
- સિલેક્ટ ફાઇલ. શાખા/ના.સે.અ.